# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

કણબીવગા, ભરૂચ–૩૯૨૦૦૧

## નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૩૪ મુજબનું જાહેરનામ.

ક્રમાંક:એમએજી/વશી/૨૪૭૬ થી ૨૫૫૦
જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
ભરૂચ, તારીખ–૨૯/૦૩/૨૦૨૦

વાંચ્યો:–

(૧)કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાક:40-3/2020-DM-I(A), DATE:24/03/2020
(૨) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાક:40-3/2020-DM-I(A), DATE:29/03/2020
(૩)ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાક: જીજી/ ૨૧/૨૦૨૦/વિ–૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨,તા.૨૫/૦૩/૨૦૨૦

જાહેરનામ:–

સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્રારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે.જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શીકા જાહેર કરવામાં આવેલ છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંદર્ભ–(૧) સમગ્ર દેશમાં તા.૨૫/૦૩/૨૦૨૦થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શીકા જાહેર કરવામાં આવેલ છે.જે અન્વયે ગુજરાત સરકારના ગૃહ વિભાગના સંદર્ભ–(૩) ના જાહેરનામાથી કેન્દ્ર સરકારના તા.૨૪/૦૩/૨૦૨૦ના હુકમથી આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓનું અમલ કરવાનુ જણાવવામાં આવેલ છે.

લોકડાઉન દરમિયાન જે લોકો પોતાના ધંધો–રોજગારનું સ્થળ છોડી પોતાના વતન તરફ જઈ સોસીયલ ડીસ્ટન્સની અમલવારી ન કરી લોકડાઉનનો ભંગ કરતા હોય વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ સંદર્ભ–(૨) ના હુકમથી જરૂરી પગલા લેવા જણાવેલ છે.

વાસ્તે, હું જે.ડી.પટેલ,અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૩૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ ફરમાવું છે કે

(૧) તમામ રોજગાર પુરો પાડતા ઉધોગો ,વ્યાપારીક/વાણિજયક સંસ્થા–દુકાનો,કોન્ટ્રાકટરોએ તેમના તમામ પ્રકારના કામદારોને લોકડાઉનના સમય દરમ્યાન તેમના ઉધોગો ,વ્યાપારીક/વાણિજયક સંસ્થા–દુકાનો બંધ રહયા

Scanned with CamScanner

હોઈ તો પણ કામના સ્થળે નિયત થયેલ મહેનતાણુ,નિયત થયેલ તારીખે જ કોઈપણ પ્રકારના કપાત વગર પુરેપુરૂ ચુકવવાનું રહેશે.

(૨) કામદારો/શ્રમિકો,સ્થળાંતર થતા લોકો સહિત કે જે ભાડાથી રહે છે તેમના રહેઠાણ/મકાનના માલીકોએ એક મહીના સુધી ભાડુ માંગવાનું રહેશે નહી.

(૩) જો કોઈ મકાનમાલીક તેમના મકાનમાંથી ભાડે રહેતા શ્રમિકો અને વિધાર્થીઓને તેમની માલીકીની જગ્યા છોડવાનું કહેશે તો ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈ અનુસાર પગલા લેવામાં આવશે.

(૪) કોઈપણ ઉધોગો ,વ્યાપારીક/વાણિજયક સંસ્થા–દુકાનો,કોન્ટ્રાકટરો તેમના શ્રમિકોને બળજબરીપુર્વક કામના રહેઠાણના સ્થળને છોડવાનું કહી શકશે નહી.

## વિસ્તાર

આ જાહેરનામુ સમગ્ર ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

## સમયગાળો

આ જાહેરનામુ તા.૨૯/૦૩/૨૦૨૦ થી તા.૧૪ /૦૪/૨૦૨૦ (બંને દિવસો સહીત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧ થી ૫૮ તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮(૧૮૬૦ નો ૪૫મો) ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.ભરૂચ જિલ્લામા ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદદો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂઘ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.વધુમાં જાહેરનામાના મુદ્દાનં.૧ માટે મદદનીશ શ્રમ આયુકત તેમજ સરકારી શ્રમ અધિકારી પણ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂઘ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

## જાહેર વિજ્ઞાપ્તિ

આથી હું આદેશ આપું છું કે આ હુકમની વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે. આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો, ટેલીવિઝન, કેબલ ટીવી નેટવર્ક તથા જાહેર જગ્યાએ તેની નકલો ચોટાંડીને પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ રોજ તારીખ–૨૮/૦૩/૨૦૨૦ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ (stamp)

(જે.ડી.પટેલ)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

Scanned with CamScanner

પ્રતિ,

**નકલ સવિનય રવાનાઃ–**

–કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર તરફ જાણ થવા અર્થે.

–નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર તરફ જાણ થવા અર્થે.

**નકલ રવાનાઃ–**

–જીલ્લા વિકાસ અધિકારીશ્રી,ભરૂચ [redacted] તરફ જાણ સારૂ તથા અમલ અર્થે.

–પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ તરફ આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનનાં નોટીસ બોર્ડ ઉપર તેમજ જાહેર સ્થળાએ પ્રસિધ્ધ કરાવવા સારૂ.

– સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, તમામ તરફ જરૂરી તજવીજ અર્થે તથા બહોળી પ્રસિધ્ધી કરી રિપોર્ટ કરવા સારૂ.

– નાયબ પોલીસ અધિક્ષકશ્રી, તમામ તરફ જાણ સારૂ તથા અમલ અર્થે.

– જીલ્લા આરોગ્ય અધિકારી,ભરૂચ તરફ જરૂરી તજવીજ અર્થે તથા બહોળી પ્રસિધ્ધી કરી રિપોર્ટ કરવા સારૂ.

– મામલતદારશ્રી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, તરફ જરૂરી તજવીજ અર્થે તથા બહોળી પ્રસિધ્ધી કરી રિપોર્ટ કરવા સારૂ.

–મામલતદારશ્રી, ડીઝાસ્ટર તરફ જાણ તથા જરૂરી અમલવારી અર્થે.

–રજીસ્ટારશ્રી,નામ.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ,ભરૂચ તરફ જાણ સારૂ.

– મદદનીશ શ્રમ આયુકતશ્રી,ભરૂચ જાણ તથા જરૂરી અમલવારી

– નાયબ માહિતી નિયામકશ્રી, ભરૂચ તરફ.

૨/ – જાણ સારૂ તથા અગ્રગણ્ય દૈનિક વર્તમાનપત્રોમાં તથા સ્થાનિક ટીવી ચેનલો મારફત બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ તેની જાણ અત્રે કરવા સારું.

– મેનેજરશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ, વડોદરા તરફ.

૨/–આગામી સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધી કરી તેની નકલ અત્રે મોકલી આપવા સારૂ.

–તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ તરફ આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ તલાટી કમ મંત્રીશ્રી મારફત બહોળી પ્રસિધ્ધી કરી રિપોર્ટ કરવા સારૂ.

–મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા તમામ તરફ તરફ જરૂરી તજવીજ અર્થે તથા બહોળી પ્રસિધ્ધી કરી રિપોર્ટ કરવા સારૂ.

Scanned with CamScanner